| | |
|---|---|
| રજુ તારીખ : | ૨૩–૦૨–૨૦૧૨ |
| દાખલ તારીખ : | ૨૩–૦૨–૨૦૧૨ |
| ફેંસલ તારીખ : | ૩૧–૧૨–૨૦૧૯ |
| અવધિ : વર્ષ : માસ : દિવસ : | |

**અરવલ્લી જીલ્લાના મહેરબાન સત્ર ન્યાયાધીશશ્રીની અદાલતમાં,**
**મુકામ: મોડાસા**
**સેશન્સ કેસ નં.૫૧ સને ૨૦૧૫**
**જુનો સેશન્સ કેસ નં. ૨૩ સને ૨૦૧૨**
આંક:

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : (૧) વિકેશભાઈ ઉર્ફે વિક્રમભાઈ રામાભાઈ કટારા, ઉ.વ.આ.૨૩, રહે.ધાંધીયા, ભાટકોટા, તા:મેઘરજ

(૨) દવેન્દ્રભાઈ બાબુભાઈ કટારા, ઉ.વ.આ.૨૬ રહે.ધાંધીયા, ભાટકોટા, તા:મેઘરજ હાલ રહે.શામળાજી, તા:ભીલોડા

(૩) મહેન્દ્રભાઈ બાબુભાઈ કટારા, ઉ.વ.આ.૩૪ રહે.શામળાજી, તા:ભીલોડા, જી.અરવલ્લી હાલ રહે.૧૬૦, કેસર ડુપ્લેક્ષ સોસાયટી, મેઘરજ, તા:મોડાસા, મુળ

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

**<u>ગુન્હો</u>** :- ભારતીય દંડ સંહિતાની કલમ:૩૬૩, ૩૬૬,૩૭૬, ૫૦૬(૨),૩૪ મુજબ..

---

ફરીયાદી/શ્રી સરકાર તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રી બી.આર.પંચાલ,
આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી એમ.એ.ઈપ્રોલીયા.

---

**: <u>ઠ રા વ</u> :**

**૧).** આ કામના આરોપી નં.૧ ની ધરપકડ તા.૧૬-૧૧-૨૦૧૧, આરોપી નં.૨ ની ધરપકડ તા:૦૨-૧૨-૨૦૧૧ તથા આરોપી નં.૩ ની ધરપકડ તા:૦૬-૦૮-૨૦૧૧ના રોજ શામળાજી પોલીસ સ્ટેશન (।) ગુના રજીસ્ટર નંબર:૦૪૭/૨૦૧૧ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬,૫૦૬(૨),૩૪ મુજબના ગુન્હા સબબ થયેલ છે. આરોપીઓને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીન મુકત કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ તા.૧૧-૦૧-૨૦૧૨ ના રોજ ભીલોડાના વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. શ્રી સમક્ષ રજૂ કરવામાં આવેલ છે અને વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રી, ભીલોડાની અદાલતમાં ફોજદારી કેસ નં.૩૯/૨૦૧૨ થી નોંધવામાં આવેલ છે. ત્યારબાદ આ કામમાં આરોપીઓને પોલીસ તપાસના કાગળો આપ્યા બાદ તેમજ આરોપીઓને તેઓના બચાવ માટે સરકારી વકીલની જરૂર છે કે કેમ? તે અંગેની ખાત્રી કરતાં આરોપીએ સ્વખર્ચે વકીલ રોકી બચાવ કરવા માંગતા

હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોઈ ભીલોડા વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક.શ્રીએ સદરહું કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ હેઠળ સાબરકાંઠાના સત્ર ન્યાયાધિશ શ્રીની અદાલતમાં કમીટ કરેલ, તે સેશન્સ કેસ નંબર: ૨૩ સને ૨૦૧૨ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ સદરહું કેસ ઈડરના વિ. અધિક સત્ર ન્યાયાધિશની કોર્ટમાં ચાલવા પાત્ર હોઈ તબદીલ કરવામાં આવેલો. ત્યારબાદ અરવલ્લી જીલ્લો બનતાં ભીલોડા તાલુકાની હદના સેસન્સ કેસો અરવલ્લી જીલ્લાની સત્ર અદાતલમાં તબદીલ કરવામાં આવતાં તેનો નવો સેશન્સ કેસ નં.૫૧/૨૦૧૫ થી નોંધવામાં આવેલ અને તે સેશન્સ કેસ ગુણદોષ ઉપર નિર્ણીત કરવા માટે આવેલ છે. તેથી ઉપરોકત મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આરોપીઓ વિરૂધ્ધ હાથ ધરવામાં આવેલ છે.

૨). આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ વિકેશભાઈ ઉર્ફે વિક્રમભાઈ રામાભાઈ કટારાના ઓએ તા:૨૦–૦૭–૨૦૧૧ ના રોજ વહેલી સવારે શામળાજી ટાઉનમાંથી આ કામના ફરીયાદીની ભોગ બનનાર સગીર વયની દિકરીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના કે જારકર્મ કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી કડી ગામે લઈ જઈ ભોગ બનનારની સાથે અવાર નવાર સંભોગ કરી આરોપી નં.૨ દેવેન્દ્રભાઈ બાબુભાઈ કટારા તથા મહેન્દ્રભાઈ

બાબુભાઈ કટારાનાઓએ આરોપી નં.૧ ને ભગાડવામાં મદદગારી કરી અને જો ફરીયાદ કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ભોગ બનનારને ભગાડી જવામાં એકબીજાને મદદગારી કર્યા સબબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ.

૩). આ કામના ફરીયાદીની આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદી એ શામળાજી પો.સ્ટે.ના પી.એસ.આઈ. રૂબરૂની ફરીયાદ હકીકત મુજબનો ગુનો દાખલ થવા સારૂ શામળાજી પો.સ્ટે.ના પી.એસ.ઓ. તરફ આવતાં ગુનો રજીસ્ટર કરેલો અને ત્યારબાદ આગળની તપાસ પો.સ.ઈ. શ્રી શામળાજીને સોંપેલ. સદરહું ગુન્હો સી.પી.આઈ.શ્રીની જાત તપાસનો બનતો હોઈ તેઓએ આગળની તપાસ સી.પી.આઈ. શ્રી ભીલોડાને સોંપેલી. તેઓએ આ કામે પંચો રૂબરૂ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ, ભોગ બનનારનું નિવેદન નોંધેલ, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, ભોગ બનનારનું શરીર સ્થિતીનું પંચનામું કરેલું, ભોગ બનારની તબીબી તપાસણી કરાવેલી. ત્યારબાદ આરોપીઓ મળી આવતા તેમના શરીર સ્થિતિનું પંચનામુ કરેલ અને આરોપી નં.૧ નું તબીબી તપાસણી કરાવેલી. મુદ્દામાલ તપાસણી માટે એફ.એસ.એલ.માં મોકલી આપેલો તથા આરોપી ઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ:૩૬૩,૩૬૬,૩૭૬,૫૦૬(૨),૩૪ મુજબના ગુન્હા અંગેનું હાલનું ચાર્જશીટ દાખલ કરેલ.

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

**૪).** આ કામે આંક–૧૫ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવેલ છે તથા આંક–૧૬,૧૭ તથા ૧૮ થી આરોપીઓના નીવેદન લેતાં આરોપીઓએ ગુન્હો ઈન્કાર કરેલ છે.

**૫).** ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

**: <u>મૌખીક પુરાવો</u> :**

| નં. | સાહેદનુ નામ અને વિગત | આંક |
|---|---|---|
| ૧. | ડો.જીગર જયંતિભાઈ મોદી–તબીબી સાહેદ | ૩૪ |
| ૨. | ડો.કનૈયાલાલ નટવરલાલ શાહ–તબીબી સાહેદ | ૪૬ |
| ૩. | ભોગ બનનાર | ૫૫ |
| ૪. | રમેશભાઈ મગનભાઈ ડામોર–પંચ સાહેદ | ૫૮ |
| ૫. | લક્ષ્મણભાઈ રૂપસીભાઈ કોપસા – પંચ સાહેદ | ૬૧ |
| ૬. | સુભાષકુમાર મંગુભાઈ રેવડ–પંચ સાહેદ | ૬૮ |
| ૭. | દિલીપભાઈ ખીમજીભાઈ કટારા–પંચ સાહેદ | ૬૯ |
| ૮. | રમીલાબેન દિનેશભાઈ પ્રજાપતિ–સાહેદ | ૭૮ |
| ૯. | દિનેશભાઈ મુળજીભાઈ પ્રજાપતિ–ફરીયાદી | ૮૦ |
| ૧૦. | ત્રીકમભાઈ મગનભાઈ પ્રજાપતિ–સાહેદ | ૮૯ |
| ૧૧. | પ્રવિણભાઈ અળખાભાઈ સોલંકી–પી.એસ.ઓ. | ૯૨ |
| ૧૨. | ફોગાભાઈ ખીમાભાઈ જોગલ– ત.ક. અમલદાર | ૯૫ |
| ૧૩. | ગુલાબસિંહ રાહાજી વાઘેલા–ત.ક.અમલદાર | ૧૦૧ |

૬). ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**: <u>દસ્તાવેજી પુરાવો</u> :**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | મેડીકલ યાદી | ૩૫,૩૯ |
| ૨. | આરોપી નં.૧ નું તબીબી પ્રમાણપત્ર | ૩૬ |
| ૩. | મેડીકલ કેસ પેપર્સ | ૩૭ |
| ૪. | એફ.એસ.એલ.ને લખેલ પત્ર | ૩૮,૪૨,૪૩ |
| ૫. | ભોગ બનનારની મેડીકલ કેસ પેપર્સ | ૪૦,૪૮ |
| ૬. | ભોગબનનારનું તબીબી પ્રમાણપત્ર | ૪૧,૪૭ |
| ૭. | રેડીયોલોજીસ્ટનો રીપોર્ટ | ૪૪ |
| ૮. | આરોપીઓની શરીર સ્થિતિના પંચનામા | ૫૯,૬૨,૬૩ |
| ૯. | પંચોની સહીઓ વાળી સ્લીપો | ૬૪થી ૬૬<br>૭૧ થી ૭૪ |
| ૧૦ | ભોગ બનનારની શરીર સ્થિતીનું પંચનામું | ૭૦ |
| ૧૧ | અસલ ફરીયાદ | ૮૧ |
| ૧૩ | સુચિપત્ર | ૯૩ |
| ૧૪ | પોલીસ યાદી | ૯૪ |
| ૧૫ | ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | ૯૬ |
| ૧૬ | આરોપીએ બતાવેલ જગ્યાનું પંચનામું | ૯૭ |
| ૧૭ | રવાનગી નોંધ | ૯૮ |

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧૮ | એફ.એસ.એલ.નો પહોંચ | ૯૯ |
| ૧૯ | એફ.એસ.એલ.નો રીપોર્ટ | ૧૦૦ |
| ૨૦ | ભોગ બનનારે પો.સ્ટે.માં આપેલ અરજી | ૧૦૨ |

**૭).** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં સરકાર તરફે વિધ્વાન એડી. પી.પી. શ્રી બી.આર.પંચાલ તેઓ આ કામે વિશેષ મૌખિક પુરાવો આપવા માંગતા નથી તેવી આંક–૧૦૩ થી પુરાવો બંધ કર્યાની પુરસીસ આપેલ છે.

**૮).** આ કામે ત્યારબાદ ક્રિ.પ્રો.કો. કલમ–૩૧૩ મુજબ આરોપીનો વિશેષ જવાબ લેવામાં આવેલો. આરોપીઓએ પોતાના જવાબમાં તેમની સામે ખોટી ફરીયાદ કરેલ છે અને ખોટી રીતે સંડોવેલ છે, કોઈ ગુન્હો કરેલો નથી અને તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે.

૯). આ કામે સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી બી.આર. પંચાલને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, તબીબી પુરાવાથી તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ છે. જેથી આરોપીઓને આવા સ્ત્રી અત્યાચારના ગુનામાં સખ્તમાં સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

**૧૦).** આરોપીઓ તરફે આરોપીઓના વિધ્વાન વકીલ શ્રી એમ.એ.

ઈપ્રોલીયાને સાંભળ્યા. તેઓએ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદી  તથા ભોગબનનાર ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. ફરીયાદપક્ષના તમામ સાહેદો ફરી ગયેલા છે. ફરીયાદપક્ષના તમામ પંચનામાના પંચ સાહેદો ફરી ગયેલા છે. એફ.એસ.એલ.ના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ નથી. જેથી આરોપીઓને છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૧૧).** ઉપરોકત કેસના નિર્ણય માટે મારે નીચેના મુદૃા નકકી કરવાના રહે છે.

// **મુદૃા** //

(૧). શું ફરીયાદપક્ષ એ હકીકત શંકારહીત પુરવાર કરી શકેલા છે કે, આરોપી નં.૧નાએ તા:૨૦–૦૭–૨૦૧૧ નાવહેલી સવારના કલાક:૪/૦૦ વાગ્યાના સુમારે મોજે શામળાજી ટાઉનમાંથી ફરીયાદી દિનેશભાઈ મુળજીભાઈ પ્રજાપતિની સગીર વયની ભોગ બનનાર દિકરી ઉ.વ.૧૫ અને ૯ માસને લલચાવી, ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે તેણીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી કડી ગામે લઈ જઈ આરોપી નં.૧ નાએ તેણીની સાથે અવાર નવાર તેણી ની સંમતિ વગર બળજબરીથી સંભોગ કરી તમામ આરોપી

ઓએ તેમ કરવામાં મદદગારી કરી ભોગ બનનારને ફરીયાદ કરશો તો જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ , ૩૬૬, ૩૭૬,૫૦૬(૨) સાથે વાંચતા ૩૪ મુજબના શીક્ષા ને પાત્ર ગુનાઓ કરેલો છે ?

(૨) શું હુકમ ?

**૧૨).** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબના છે.
(૧). નકારાત્મક,

(૨). આખરી હુકમ મુજબ.

**: કા ર ણો :**

**મુદ્દા નંબર:૧**

**૧૩).** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ વિકેશભાઈ ઉર્ફે વિક્રમભાઈ રામાભાઈ કટારાનાઓ એ તા:૨૦–૦૭–૨૦૧૧ ના રોજ વહેલી સવારે શામળાજી ટાઉનમાંથી આ કામના ફરીયાદીની ભોગ બનનાર સગીર વયની દિકરીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના કે જારકર્મ કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી કડી ગામે લઈ જઈ ભોગ બનનારની સાથે અવાર નવાર સંભોગ કરી આરોપી નં.૨ દેવેન્દ્રભાઈ બાબુભાઈ કટારા તથા મહેન્દ્રભાઈ

બાબુભાઈ કટારાનાઓએ આરોપી નં.૧ ને ભગાડવામાં મદદગારી કરી અને જો ફરીયાદ કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ભોગ બનનારને ભગાડી જવામાં એકબીજાને મદદગારી કર્યા સબબનો આક્ષેપ છે. જેથી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩,૩૬૬, ૩૭૬,૫૦૬(૨),૩૪ મુજબના ગુનાના આક્ષેપ હોય તેમના વિરૂધ્ધ તે મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલું છે.

**૧૪).** સાધારણ રીતે અપહરણ અને બળાત્કારના કિસ્સામાં ભોગ બનનારનો પુરાવો સૌથી અગત્યનો હોય છે અને નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના એક કરતાં વધારે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ આવા ગંભીર પ્રકારના ગુનામાં ભોગ બનનારનો એકલીનો પુરાવો જો વિશ્વસનીય હોય, ભરોસાપાત્ર હોય તો તેને સમર્થનકારી પુરાવાની આવશ્યકતા રહેતી નથી અને તેણીના એકલીના પુરાવા ઉપર પણ આધાર રાખી શકાય. આમ આવા કિસ્સામાં ભોગ બનનારનો પુરાવો સૌથી અગત્યનો હોય છે અને તે ફરીયાદપક્ષના કેસના સ્ટાર વિટનેશ હોય છે અને સૌથી વધારે આધાર ભોગ બનનારની જુબાની ઉપર જ હોય છે. ફરીયાદપક્ષના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌથી પ્રથમ એ હકીકતની બહું ગંભીરતાથી નોંધ લેવા જેવી છે કે, આંક–૫૫ થી ભોગ બનનારને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૧ માં શામળાજી આર્યજયોતિ

હાઈસ્કુલમાં ધોરણ-૧૧ માં અભ્યાસ કરતી હતી. ત્યારે તેણીના માતા-પિતા તેણીને લગ્ન કરવા બાબતે જણાવતા હતા અને લગ્ન કરાવવા માંગતા હોવાથી તેણી તેના માતા પિતાને કહ્યા વિના તેણીના મામા પ્રવિણભાઈ બાબુભાઈ પ્રજાપતિના ગામ ડભોડા જતી રહેલી અને તેણીના મામાના ઘરે રહેતી હતી અને ત્યાં ત્રણેક માસ જેટલું રોકાયેલી. તે વખતે તેણીના માતા પિતા શોધખોળ કરતા હતા અને તે વખતે તેણીની માતા પિતા તેણીની નાની ઉંમરે લગ્ન કરાવતા હોઈ તેણીએ તેના મામાને પણ વાત કરેલી અને તેણીએ તેના મામાને કહેલ કે ''હું અહીયાં આવેલી છું તેવું મારા માતા પિતાને ના પાડી દેજો '' જેથી તેણીના માતા પિતાએ ડભોડા ગામે પણ તપાસ કરેલી. પરંતુ તેણીના મામાએ તેણી ડભોડા હોવાછતાં ના પાડેલી. તે સમય દરમ્યાન તેણીન મામતા પિતાએ તેણી ન મળી આવી, જેથી શામળાજી પો.સ્ટે.માં ફરીયાદ આપ્યાની હકીકત જાણવા મળેલી. જેથી તે વખતે તેણીના મામાએ તેણીના માતા પિતાને જણાવેલ કે, ભોગ બનનાર મારા ઘરે આવેલી છે અને રહે છે. જેથી તેણીના માતા પિતા ડભોડા ગામે આવેલા અને પછી તેણીને શામળાજી લઈ જવા માટે કહેતાં તેણીએ તેના માતા પિતા પાસે જવા માટે ના પાડેલી અને તેણી તેના મામાના ઘરે ડભોડા રહેતી હતી. તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. ભોગ બનનારને કોઈ આરોપીઓ લલચાવી, ફોસલાવી જુદી જુદી જગ્યાએ લઈ ગયેલ હોય અને તેણીની સાથે દુષ્કર્મ (સંભોગ) કરેલ હોય

અને તેણીને ધમકીઓ આપેલ હોય તેવું બનેલ નથી, કોઈ આરોપીઓને ઓળખતી નથી. પોલીસ કોઈ જગ્યાએ હોસ્પીટલમાં શારીરીક તપાસણી અર્થે લઈ ગયેલ હોય તેમજ બનાવ સમયે પહેરેલ કપડાં પોલીસમાં રજુ કરેલા હોય અને પોલીસે કબજે કરેલા હોય તેવું બનેલ નથી. બનાવ બાબતે તેણી કશું જાણતી નથી.

**૧૪.૧)** આમ આ ભોગ બનનાર ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ના હોઈ તેણીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. ભોગ બનનાર બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવ વખતે તેણીની ઉંમર ૧૮ વર્ષની હતી, બનાવથી આજદીન સુધી તેણીના મામાના ઘરે રહે છે અને જ્યારે પોલીસે તેણીને હાઈકોર્ટમાં બોલાવેલી ત્યારે તેણીને તેના મામાના ઘરે જવાનું કહેલું અને માતા પિતાના ઘરે જવાની સ્પષ્ટ ના પાડેલી.

**૧૪.૨)** આમ આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતથી તદ્દન વિરોધાભાસી હકીકત જણાવે છે. આમ આ સાહેદના પુરાવા મુજબ તેણીને આરોપી નં.૧ ભગાડી ગયેલ હોય, તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર સંભોગ કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. એટલું જ નહીં પરંતુ તેણીએ આરોપી નં.ર અને ૩ નાઓ ભગાડવામાં મદદગારી કરી હોય અગર તો જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી પણ હકીકત જણાવતી નથી. આમ ભોગ બનનાર જ તેણીનું

આરોપીઓએ અપહરણ કરેલ હોય અને  તેણીની મરજી વિરૂધ્ધ તેણીની ઉપર બળાત્કાર કરેલાની હકીકત જણાવતી ના હોઈ તેવા સંજોગોમાં ભોગ બનનારના પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ જ પુરાવો ફલીત થતો નથી.

**૧૫).** ફરીયાદપક્ષ ધ્વારા બીજા મહત્વના સાહેદ કે જેઓએ બનાવની ફરીયાદ આપેલી છે તેવા સાહેદ: દિનેશભાઈ મુળજીભાઈ પ્રજાપતિ, આંક–૮૦ ની જુબાનીમાં જણાવે છે કે, ભોગ બનનાર તેમની દિકરી થાય છે. તેમની દિકરીની જન્મ તારીખ ખબર નથી. પરંતુ બનાવ સમયે તેમની દિકરીની ઉંમર ૨૦ વર્ષ હતી અને ભોગ બનનાર ધોરણ–૧૦ સુધી ભણેલ છે. બનાવના દિવસે રાતના તેઓ તથા તેમના પત્ની, બાળકો વિગેરે વાળુ પાણી કરીને સુઈ ગયેલા અને બીજા દિવસે સવારે વહેલા ચાર વાગે ચાની લારી ચાલુ કરવા ઉઠેલા અને પછી સવારે આઠ થી નવ વાગ્યાના સુમારે તેમની પત્નીને જગાડેલ અને તે વખતે ભોગ બનનાર તેમની દિકરી ઘરે ન હતી. જેથી આજુબાજુ કયાંક ગઈ હશે અને પછી પણ આવેલી નહીં. પરંતુ તેઓએ જાણવા મળેલ કે, તેણીનો જે જગ્યાએ સબંધ કરેલો હતો તે તેણીને ગમતો ન હોઈ તે રીસાઈને તેણીના મામાના ઘરે ડભોડા મુકામે જતી રહેલી અને ત્રણેક માસ પછી તેણીના મામાના ઘરેથી તેમના ઘરે આવેલી. બનાવમાં આ સિવાય બીજું કાંઈ બનેલ નહી, બનાવ બાબતે તેઓ કશું જાણતા નથી. ભોગ બનનારની તેમની દિકરી તેઓને કહયા વગર

તેણીના મામાના ઘરે જતી રહેલી જેથી તેઓએ પોલીસને જાણ કરેલી અને તેણીના ફોટા પણ પોલીસને આપેલા. આ સિવાય બીજું કાંઈ બનેલ નહી. તેઓએ બનાવની ફરીયાદ આપેલી તે આંક–૮૧ થી રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આરોપી તેમની દિકરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલા હોય અને બીજા આરોપીઓએ મદદગારી કરેલી હોય અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી હોય તેવું બનેલ નથી.

**૧૫.૧)** આમ આ સાહેદ પણ તેમની આંક–૮૧ ની ફરીયાદ હકીકતને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે.

**૧૫.૨).** આમ આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમની દિકરી ભોગ બનનારનો જે જગ્યાએ સબંધ કરેલો તે તેણીને પસંદ ન હોઈ ભોગ બનનાર રીસાઈને તેણીના મામાના ઘરે ડભોડા મુકામે જતી રહેલી અને ત્રણેક માસ બાદ પાછી તેમના ઘરે આવેલી છે. આમ આ સાહેદના પુરાવામાંથી આરોપી નં.૧ તેમની દિકરીને લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ હોય અને તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરેલ હોય અને આરોપી નં.૨–૩ નાઓએ ભોગ બનનારને ભગાડવામાં મદદગારી કરી

હોય તેવી હકીકત ફલીત થતી નથી. જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થતો નથી.

**૧૬).** તેવી જ રીતે ફરીયાદપક્ષના સાહેદ કે જેઓ ભોગ બનનાર માતા થાય છે તેવા સાહેદ:રમીલાબેન દિનેશભાઈ પ્રજાપતિને આંક–૭૮ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૧માં બનેલો, તે વખતે તેઓ તથા તેમના પતિ તથા તેમની ભોગ બનનાર વિગેરે ઘરે હતા અને રાત્રી ભોજન કરી સુઈ ગયેલા અને સવારે તેમની દિકરી ખાટલામાં જોવા મળેલી નહીં. જેથી તેમના સગા સબંધીઓમાં તેમજ આજુબાજુ તપાસ કરેલી પણ મળેલી નહીં. પરંતુ બનાવ અગાઉ તેમની દિકરીની સગાઈની વાત ચાલતી હતી અને તેમની દિકરી તેઓને કહયા વગર તેણીના મામાના ઘરે ડભોડા મુકામે જતી રહેલી. ત્યારબાદ તેણી એકાદ માસ સુધી ત્યાં રોકાયેલી અને પછી તેઓને ખબર પડતાં ડભોડા મુકામેથી તેમના ત્યાં શામળાજી લાવેલા. તે સિવાય બનાવમાં બીજું કશું બનેલ નથી અને તે સિવાય બનાવ બાબતે કશું જાણતા નથી.

**૧૬.૧)** આમ આ સાહેદ પણ તેમની ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે.

**૧૬.૨).** આમ આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદ તેમની સરતપાસમાં ભોગ બનનારના સગાઈ વાત ચાલતી હતી

તેથી તેણી તેના મામાના ઘરે ડભોડા મુકામે જતી રહેલી અને એક માસ બાદ પાછી તેઓના ઘરે આવેલી છે. આમ આ સાહેદના પુરાવામાંથી પણ આરોપી નં.૧ ભોગ બનનારને તેણીની મરજી વિરૂધ્ધ ભગાડી ગયેલ હોય તેણીની મરજી વિરૂધ્ધ તેણીની ઉપર બળાત્કાર સંભોગ કરેલો અને આરોપી નં.ર તથા ૩ નાઓએ ભોગ બનનારને ભગાડવામાં મદદગારી કરી હોય તેવી હકીકત ફલીત થતી નથી. જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થતો નથી.

**૧૭).** ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ:ત્રીકમભાઈ મગનભાઈ પ્રજાપતિ ને આંક-૮૯ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી તેમના બનેવી થાય છે અને તેઓએ જણાવેલ કે, તેમની દિકરી ભોગ બનનાર મળી આવતી નથી. તેથી તેઓ ફરીયાદી સાથે ફરીયાદ કરવા ગયેલા અને મહેન્દ્રભાઈ કટારાનાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી.

**૧૭.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ ફરીયાદી સાથે ફરીયાદ આપવા ગયેલા છે. પરંતુ આ તબકકે એ હકીકતની નોંધ લેવા જેવી છે કે, આ કામે ભોગ બનનાર, ફરીયાદી તેમજ ભોગ બનનારની માતા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી. તેવા સંજોગોમાં આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષના કેસને ઉપયોગી થતો નથી.

**૧૮).** ફરીયાદપક્ષ દ્વારા આરોપી મહેન્દ્રભાઈ બાબુભાઈ કટારાની શરીર સ્થિતીના પંચનામાના પંચ સાહેદ: રમેશભાઈ મગનભાઈ ડામોર તથા બીજા પંચ સાહેદ:સુભાષકુમાર મંગુભાઈ રેવડને અનુક્રમે આંક-૫૮ તથા આંક-૬૮ થી તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદો આંક-૫૯ ના પંચનામામાં સહી કર્યા સિવાયની હકીકતને સમર્થન આપતા નથી. તેઓની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલાનું જણાવે છે. જેથી ફરીયાદપક્ષ દ્વારા આ બંને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. જેથી આ બંને પંચ સાહેદોના પુરાવાથી આંક-૫૯ નું પંચનામું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૧૯).** તેવી જ રીતે આરોપી વિક્રમભાઈ ઉર્ફે વિકેશભાઈ રામાભાઈ કટારા શરીર સ્થિતીના પંચનામા તથા આરોપીએ બનાવસમયે પહેરેલ કપડાં કબજે કર્યાના પંચ સાહેદ: લક્ષ્મણભાઈ રૂપસીભાઈ કોપસા તથા બીજા પંચ સાહેદ:દિલીપભાઈ ખીમજીભાઈ કટારાનાઓને અનુક્રમે આંક-૬૧ તથા આંક-૬૯ થી તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદો તેમની જુબાનીમાં તૈયાર પંચનામાઓમાં સહી કરેલાનું જણાવેલ છે અને તેઓએ આંક-૬૨ તથા આંક-૬૩ ના પંચનામામાં માત્ર સહીઓ કરેલાનું જણાવેલ છે. જેથી આ બંને પંચનામાના પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં

આવેલા છે. જેથી આ પંચ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી.

**૨૦).** ફરીયાદપક્ષ ધ્વારા તબીબ સાહેદ:ડો.જીગર જયંતીલાલ મોદીને અંક–૩૪ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા:૧૭–૧૧–૨૦૧૧ ના રોજ બપોરે ૧૨/૩૦ કલાકે મેડીકલ ઓફીસર તરીકે શામળાજી સી.એચ.સી.માં હાજર હતા તે વખતે શામળાજી પોલીસ સ્ટેશન (।) ગુ.ર.નંબર:૪૭/૨૦૧૧, ઈ.પી. કો. કલમ:૩૬૩,૩૬૬,૩૭૬ મુજબના ગુનાના કામે આરોપી વિક્રમભાઈ રામાભાઈ કટારાને મેડીકલ તપાસણી કરવા સારૂ લાવવામાં આવેલા. તેઓએ તેમની શારીરીક તપાસણી કરેલી અને તપાસણી અર્થે લોહી, સલાઈવા, નખ, ગુપ્ત ભાગના વાળ, બગલના વાળ વિગેરે નમુના લીધેલા અને એફ.એસ.એલ.માં મોકલી આપેલા. તેઓએ તબીબી તપાસણી કરેલ તેનું પ્રમાણપત્ર આપેલ તે અંક–૩૬ થી રજુ કરેલ છે.

**૨૦.૧)** વધુમાં આ સાહેદ પુરાવો આપે છે કે, તા:૧૭–૧૧–૨૦૧૧ ના રોજ સવારે ૧૦/૧૫ કલાકે ભોગ બનનારને મેડીકલ તપાસણી સારૂ લાવેલા. તેઓને ભોગ બનનારની હીસ્ટ્રી લીધેલી. ભોગ બનનારને તેમની રૂબરૂની હીસ્ટ્રીમાં જણાવેલ કે ''તેણી પર તા:૨૧–૦૭–૨૦૧૧ થી તા:૧૫–૧૧–૨૦૧૧ સુધી બળાત્કાર કરવામાં આવેલ. તા:૨૧–૦૭–૨૦૧૧ ના શુક્ર વારના રોજ સવારે ૩/૩૦ વાગે ભોગ બનનારે પોતાની મરજીથી આરોપી

વિક્રમ ઉર્ફે વિકેશ રામાભાઈ કટારા સાથે ભાગી ગાયત્રી મંદીરની પાછળના ભાગના ડુંગરમાં ગયા હતા અને ત્યાં તા:૨૧–૭–૨૦૧૧ શુક્રવારનો આખો દિવસ તથા રાત્રે ડુંગરમાં રોકાયા હતા તથા ત્યાંથી તા:૨૨–૦૭–૨૦૧૧ શનીવારે સવારે ૪/૩૦ વાગે ત્યાંથી હિંમતનગર બસ સ્ટેન્ડ ગયા હતા અને ત્યાંથી અંદાજે ૬/૩૦ વાગ્યાની આજુબાજુ ત્યાંથી અમદાવાદ ગીતામંદિર બસ સ્ટેન્ડે ગયેલા અને અમદાવાદથી કડી જવા માટે નીકળી ગયા હતા અને ત્યાં કડી જઈને રૂમ ભાડે મળી ગઈ હતી અને ત્યાં અત્યાર સુધી એટલે કે તા:૧૫–૧૧–૨૦૧૧ સુધી રોકાયા હતા તથા શનીવાર તા:૨૨–૦૭–૨૦૧૧ ના રોજ રાત્રે દશ સાડા દશની વચ્ચે કડીમાં જે રૂમ રાખી હતી તે રૂમનું એડ્રેશ હતું મણીપુર મહાદેવના મંદીર પાસે કડીનું હતું ત્યાં રાત્રે ભોગ બનનારે પોતાની મરજીની સંભોગ કર્યો હતો તથા ત્યારબાદ ભોગ બનનારે અવાર નવાર પોતાની મરજીથી વિક્રમ રામાભાઈ કટારા સાથે સંભોગ કર્યો હતો તથા છેલ્લે તા:૦૮–૧૧–૨૦૧૧ ના રોજ સંભોગ કર્યો હતો.'' ત્યારબાદ ભોગ બનનારની શારીરીક તપાસણી કરેલી અને તપાસણી દરમ્યાન એફ.એસ.એલ.માં ચકાસણી માટે સેમ્પલો લીધેલા તે એફ.એસ.એલ.માં મોકલી આપેલા અને તેઓઅને તપાસણી કરેલી તેનું તબીબી પ્રમાણપત્ર આંક–૪૧ થી રજુ કરેલ છે તથા બી.જે.મેડીકલ કોલેજ માંથી પત્ર આવેલો અને ભોગ બનનારની ઉંમર સોળથી વધુ અને સત્તરથી ઓછી હોવાનું જણાવેલ તે રીપોર્ટ આંક–૪૪ થી રજુ કરેલ છે.

**૨૦.૨)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ભોગ બનનારે તેઓની રૂબરૂ હીસ્ટ્રી આપેલી છે તેમાં ભોગ બનનારે તેણીની સંમતીથી સંભોગ કરેલાનું જણાવેલ છે. આ તબકકે એ હકીકતની પણ નોંધ લેવા જેવી છે કે, ભોગ બનનારે તેણીના પુરાવામાં મેડીકલ તપાસણી કરાવ્યાનો ઈન્કાર કરેલ છે. વધુમાં ભોગ બનનારે તેણીના પુરાવામાં આરોપી નં.૧ નાએ તેણીની મરજી વિરૂધ્ધ ભગાડી ગયેલ હોય અને તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર સંભોગ કરેલો હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. વધુમાં આ કામના ફરીયાદી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી. તેવા સંજોગોમાં ભોગ બનનારનો પુરાવો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન ના આપતો હોય ત્યારે તબીબી પુરાવો ફરીયાદપક્ષના કેસને ઉપયોગી થતો નથી.

**૨૧).** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૪૬ થી ડો.કનૈયાલાલ નટવરલાલ શાહને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ કે, તા:૧૭–૧૧–૨૦૧૧ ના રોજ તેઓ શામળાજી સી.એચ.સી.માં ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે ભોગ બનનારને શારીરીક તપાસણી અર્થે તેમની સમક્ષ લાવવામાં આવેલા. ત્યાર બાદ ભોગ બનનારની શારીરીક તપાસણી કરેલી અને જરૂરી સેમ્પલ લેવામાં આવેલા અને તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપેલા

અને તેઓએ તપાસણી કરેલ તેનું મેડીકલ પ્રમાણપત્ર આંક-૪૭ થી રજુ કરેલ છે.

**૨૧.૧).** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ ભોગ બનનારની શારીરીક તપાસણી કરેલ છે. પરંતુ જયારે ભોગ બનનાર જ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ના હોઈ અને ફરીયાદપક્ષના સાહેદો પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ના હોઈ ત્યારે તબીબી પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહીં.

**૨૨).** ફરીયાદપક્ષ ધ્વારા પ્રવિણભાઈ અળખાભાઈ સોલંકી ને આંક-૯૨ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા:૦૧-૦૮-૨૦૧૧ ના રોજ તેઓ શામળાજી પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે પી.એસ.આઈ. શ્રી શામળાજી રૂબરૂની ફરીયાદ ગુનો રજીસ્ટર થવા સારૂ આવતાં ફરીયાદ મુજબ નો ગુનો રજીસ્ટર કરેલો અને તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી તે સ્ટેશન ડાયરીનો ઉતારો આંક-૯૩ થી રજુ કરેલો છે. ત્યારબાદ આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી શામળાજીને સોંપેલી.

**૨૨.૧)** આમ આ સાહેદે માત્ર ફરીયાદ મુજબનો ગુનો રજીસ્ટર કરેલ છે તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. તેવા સંજોગોમાં આ સાહેદે તેમની ફરજના ભાગરૂપે કામગીરી કરેલ છે.

**૨૩).** ફરીયાદપક્ષના સાહેદ:ફોગાભાઈ ખીમાભાઈ જોગલ ને આંક–૯૫ થી તપાસમાં આવેલા છે. તેઓને તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા:૦૮–૦૧–૨૦૧૧ ના રોજ પી.એસ.આઈ. શ્રી જે.આર.વાઘેલા રૂબરૂની ફરીયાદની આગળની તપાસ તેઓ તરફ આવતાં તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા, ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર મેળવેલ, આરોપીઓના શરીર સ્થિતીના પંચનામા કરેલા, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું, ભોગ બનનાર અને આરોપીને મેડીકલ ચકાસણી કરવા મોકલી આપેલા, તેઓના મેડીકલ સર્ટીફીકેટ આવતાં કામમાં સામેલ રાખેલા, રવાનગી નોંધ તૈયાર કરેલ અને મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલી આપેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જસીટ કરેલું.

**૨૩.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ બચાવપક્ષની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આ કામે કબજે થયેલ ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર બાબતે ભોગ બનનાર જે શાળામાં અભ્યાસ કરતા હતા ત્યાં જાતે જઈ તપાસ કરેલી નથી, તેઓએ તપાસના કામે ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર મેળવેલું નથી. પરંતુ આ તબકકે એ હકીકતની પણ નોંધ લેવા જેવી છે કે, ભોગ બનનારે તેણીના પુરાવામાં બનાવ વખતે ૧૮ વર્ષની હોવાનું જણાવેલ છે. એટલું જ નહીં પરંતુ ભોગ બનનારે તેણીના પુરાવામાં આરોપી નં.૧ તેણીનું અપહરણ કરી ભગાડી ગયેલ હોય અને તેણીની મરજી

વિરૂધ્ધ બળાત્કાર સંભોગ કરેલો હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી તેમજ આ કામે ફરીયાદી કે જેઓ ભોગ બનનારના પિતા થાય છે તેઓ પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી. ફરીયાદપક્ષ તરફની રજુ થયેલ પંચનામાના પંચ સાહેદો પણ ફરીયાદપક્ષના કેસની હકીકત ને સમર્થન આપતા નથી. તેવા સંજોગોમાં તપાસ કરનાર અમલદારનો પુરાવો નિરર્થક બની જાય છે.

**૨૪).** ફરીયાદપક્ષ સાહેદ: ગુલાબસિંહ રાહાજી વાઘેલા, આંક–૧૦૧ ની જુબાનીમાં જણાવે છે કે, તા:૦૧–૦૮–૨૦૧૧ ના રોજ આ કામના ફરીયાદીએ તેમની રૂબરૂ ફરીયાદ હકીકત જાહેર કરતાં તેઓ એ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ ગુનો રજીસ્ટર થવા સારૂ શામળાજી પો.સ્ટે.ના પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ. ત્યારબાદ આગળની તપાસ સી.પી.આઈ.શ્રી તરફ મોકલી આપેલી.

**૨૪.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ માત્ર ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલ છે અને ગુનો રજીસ્ટર થવા સારૂ શામળાજી પો.સ્ટે.માં મોકલી આપેલ છે. તે સિવાય તેઓએ બીજી કોઈ કામગીરી કરેલ નથી. આમ સાહેદે પણ તેમની ફરજના ભાગરૂપે ફરજ બજાવેલ છે.

**૨૫).** આમ ફરીયાદપક્ષના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં ભોગબનનાર કે જેઓ ફરીયાદપક્ષના મહત્વના સાહેદ છે તેઓના પુરાવામાં

તેણીએ જણાવેલ છે કે, તેના માતા પિતા તેણીના લગ્ન કરાવવા માંગતા હતા, જેથી ઘરે કહયા વગર તેના મામાના ઘરે જતી રહેલી અને ત્યાં ત્રણેક માસ રોકાઈને તેના ઘરે પાછી આવેલી. પરંતુ તેણીના પિતાએ શકના આધારે ફરીયાદ આપેલી છે અને આરોપી નં.૧ નાએ તેણીને લલચાવી, ફોસદીવી જારકર્મ કરવાના ઈરાદે તેણીના કાયદેસરના વાળીપણામાંથી અપહરણ કરી કડી ગામે લઈ જવામાં આરોપી નં.ર અને ૩ નાએ મદદગારી કરી હોય અને આરોપી નં.૧ નાએ તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર સંભોગ કરેલા ની હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. વધુમાં ભોગ બનનાર પોતે જ ફરીયાદપક્ષની હકીકતને મદદરૂપ થાય તેવો લેશમાત્ર પુરાવો આપતા નથી. વધુમાં ફરીયાદી કે જેઓ ભોગ બનનારના પિતા થાય છે તેઓ પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી તેમજ ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવોલ અન્ય સાહેદો તેમજ પંચ સાહેદો પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નથી. વધુમાં ભોગ બનનારના પુરાવામાં તેમજ તબીબી પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે તથા એફ.એસ.એલ. નો પુરાવો પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતો નથી. આમ આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો ચોકકસ અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવા સંજોગોમાં આરોપીઓની ફોજદારી જવાબદારી નકકી થઈ શકે નહીં. આમ ફરીયાદપક્ષે આ કામના આરોપીઓએ ભોગ બનનારનું અપહરણ કરી

લલચાવી, ફોસલાવી લગ્ન બાહય સંભોગ કરવાના ઈરાદે ભગાડી જઈ, ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરૂઘ્ધ શારીરીક સંભોગ કરેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે. જેથી **મુદ્દા નંબર:૦૧** નો જવાબ હું સ્પષ્ટ રીતે ''**નકાર**'' માં આપી મુદ્દા નંબર: ૨ અંગે આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**: <u>આખરી હુકમ</u> :**

આ કામના આરોપી:વિકેશભાઈ ઉર્ફે વિક્રમભાઈ રામાભાઈ કટારા (૨) દેવેન્દ્રભાઈ બાબુભાઈ કટારા તથા મહેન્દ્રભાઈ બાબુભાઈ કટારા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩,૩૬૬,૩૭૬,૫૦૬(૨) તથા૧૧૪ મુજબના શિક્ષાપાત્ર તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓના બેઈલ બોન્ડ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓ હાલ જેલ મુકત હોય આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭(એ)ના સુધારા મુજબ નામદાર હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા સબંધે હુકમની

તારીખથી દિન–૩ (ત્રણ) માં રૂા.૫,૦૦૦–૦૦ (અંકે પાંચ હજાર પુરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

હુકમ આજ તારીખ: **૩૧મી** માહે **ડીસેમ્બર** સને **૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મોડાસા<br>
તા.૩૧/૧૨/૨૦૧૯

(આર.એ.બુખારી–ઘોઘારી)<br>
સત્ર ન્યાયાધિશ,<br>
અરવલ્લી–મોડાસા.<br>
(કોડ નં. જીજે ૦૦૯૧૬)

DSR